ચોઈ-કવોંગ-ડોમાં ગાંધીનગરની ટીમનો શાનદાર દેખાવ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર નવ ખેલાડીઓએ ચોઈ- ક્વોંગ- ડો કપ ૨૦૧૨-૧૩ની નેશનલ ચેમ્પીયનશીપ જે ઈદોર ખાતે ૩ થી ૫ જૂન દરમ્યાન યોજાઈ હતી. તેમાં ગોલ્ડ અને સિલ્વર મેડલ પ્રાપ્ત કરી ગુજરાત અને ગાંધીનગરનું નામ રોશન કર્યું છે.

ઈદોર ખાતે યોજાયેલ ચોઈ-કવોંગ ડોની નેશનલ ચેમ્પીયનશીપમાં દેશના વિવિધ પંદર રાજ્યોના ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાં ગુજરાતે બોયઝ-ગલ્સમાં ત્રીજા ક્રમે સ્થાન પ્રાપ્ત કરી ટ્રોફી મેળવેલ છે.

ગાંધીનગરજિલ્લાના ટે- કવોંગ- ડોના નવ ખેલાડીઓએ વિવિધ વેઈટ કેટેગરીમાં ભાગ લઈ વિજેતા બન્યા છે. ગોલ્ડ મેડલ વિજેતા ખેલાડીઓમાં (૧) કિંજલ પટેલ, (૨) હેતલ પરમાર (૩) કેતલ જાની (૪) અર્થ પટેલ (૫) ચિંતન વ્યાસ (૬) જયદીપ દવે (૭) હર્ષ દવે તેમજ રાજવી પટેલ અને સોહમ પટેલે સિલ્વર મેડલ મેળવ્યા હતા. ગાંધીનગરના આ ખેલાડીઓને સંસ્થાના ઉપપ્રમુખ અશ્વીન પટેલ માર્ગદર્શન આપેલ ટીમને તાલીમ કોચ જતીન દવે પૂરી પાડી હતી. તથા ગ્રાન્ડ માસ્ટર પ્રકાર સંભવાણીએ વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

ગુજકેટ કે નીટની પરીક્ષા લેવાશે કે નહીં તે બાબતે વિદ્યાર્થીઓ જ નહીં બૉર્ડ પણ અંધારામાં !!!

રાજ્યના વાલીઓએ મુખ્યમંત્રી સમક્ષ ફરિયાદ વ્યક્ત કરી અંગત રસ લઈ સમસ્યા દૂર કરવા અરજ પણ કરી

હાલ ધોરણ-૧૧ અને ૧૨માં ત્રીજા સેમિસ્ટરમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ગુજકેટ કે નીટની પરીક્ષા લેવાશે કે નહિ ? ગુજકેટની પરીક્ષા લેવાશે કે નીટની ? કે બંનેની ? પરીક્ષા લેવાશે તો તેનું વેઈટેજ કેટલું હશે ? ધોરણ-૧૨ પછીના મેડિકલ તથા ઈજનેરી શાખામાં પ્રવેશ માટે ચારેય સેમિસ્ટરનું સરખું વેઈટેજ ગણાશે કે પછી ગુજગેટનું ગણાશે ? આ તમામ વિગતો બાબતે વિદ્યાર્થીઓ અને વાલીઓ તો ઠીક, પરંતુ શાળાઓ અને શિક્ષકો પણ અજાણ છે અને માધ્યમિક શિક્ષણ બૉર્ડ પણ આ બાબતે અજાણ છે. આ સંજોગોમાં મુખ્યમંત્રી અંગત રસ લઈ વિદ્યાર્થીઓના હિતમાં નિર્ણય લેવડાવે તેવી માગ રાજ્યના વાલીઓએ મુખ્યમંત્રી સમક્ષ વ્યક્ત કરી છે.

આ અંગેની લેખિત ફરિયાદમાં વાલીઓએ જણાવ્યું છે કે માધ્યમિક શિક્ષણ બૉર્ડ દ્વારા સેમિસ્ટર પધ્ધતિ દાખલ થઈ ત્યારે એવી જાહેરાત થઈ હતી કે ગુજકેટ પરીક્ષા કાઢી નાખવી અને પહેલા તથા ત્રીજા સેમિસ્ટરમાં ઍમસીક્યૂ રાખવા. આમ વિદ્યાર્થીઓને જૂનું યાદ રાખવાનું રહેશે નહીં અને ભણતર ભાર વગરનું થઈ જશે.

પરંતુ, હજુ એવું થયું નથી. જો બૉર્ડ દ્વારા સેમિસ્ટર પધ્ધતિમાં ગુજકેટની પરીક્ષા લેવાય તો વિદ્યાર્થીઓને ચારેય અથવા છેલ્લા બે સેમિસ્ટરની તૈયારી કરવી પડે. હવે ચોથા સેમિસ્ટરની પરીક્ષા ૨૨મી એપ્રિલ, ૨૦૧૩ના રોજ પુરી થવાની છે અને ગુજકેટની પરીક્ષા ૩૦મી એપ્રિલના રોજ લેવાની છે. આ બંને પરીક્ષા વચ્ચે વિદ્યાર્થીઓને ફક્ત ૭ દિવસનો જ સમય મળે, જે સમયગાળામાં વિદ્યાર્થીઓને ધોરણ-૧૧,૧૨ના ત્રણ વિષયો - ગણિત, જીવવિજ્ઞાનના (૩૫, ૪૨ પ્રકરણ), ભૌતિક વિજ્ઞાનના (૩૧ પ્રકરણ), રાસાયણિક વિજ્ઞાનના (૩૦પ્રકરણ) આમ અંદાજે ૧૦૦પ્રકરણ ફક્ત ૭ દિવસમાં તૈયાર કરવા પડે, જે માટે ઓછામાં ઓછા ૨ મહિના તૈયારી કરવી પડે.

તેવી જ રીતે નીટની પરીક્ષા પણ ઍમસીઆઈ દ્વારા મે મહિનાના પ્રથમ સપ્તાહમાં લેવાય તો વિદ્યાર્થીઓને ધોરણ-૧૧-૧૨ના ત્રણ વિષયોના અંદાજે ૧૦૦પ્રકરણ ૧૫ દિવસમાં તૈયાર કરવા પડે.

આમ, નીટ અને ગુજકેટની પરીક્ષા લેવાય તો વિદ્યાર્થીઓને ખૂબ જ ટૂંકા ગાળામાં અંદાજે અનુક્રમે ૮૬ અને ૧૦૦પ્રકરણની તૈયારી કરવી પડે. અને આ પરીક્ષા લેવાય તો વિદ્યાર્થીઓની હાલત સૂડી વચ્ચે સોપારી થાય. હાલમાં વિદ્યાર્થીઓને કઈ તૈયારી કરાવવી તે જ સમજાતું નથી. આ અંગે શિક્ષણ વિભાગ કે આરોગ્ય વિભાગમાં પૂછવામાં આવે તો જણાવે છે કે નીટની પરીક્ષા ગુજરાતીમાં લેવા અને ગુજરાતની ૮૫ ટકા સીટો રાખવા ઍમસીઆઈને પત્ર લખવામાં આવ્યો છે, પણ હજુ સુધી જવાબ આવ્યો નથી.

હવે વિદ્યાર્થીઓનું ત્રીજું સેમિસ્ટર ચાલુ થઈ ગયું છે, પણ સરકાર ઍમસીઆઈના જવાબની રાહ જુએ છે. તેથી વિદ્યાર્થીઓને કઈ રીતે તૈયારી કરવી તે જ નથી સમજાતું, જેથી તેઓને અન્યાય થાય છે.

આ બાબતે મુખ્યમંત્રી અંગત રસ લઈ વિદ્યાર્થીઓના હિતમાં નિર્ણય લેવડાવે તેવી માગ વાલીઓએ મુખ્યમંત્રી સમક્ષ વ્યક્ત કરી છે.

જીવન બોધ

- લક્ષ્મી વાઘવાણી

હમેં તો અપનોંને લૂંટા ગૈરોમેં કહાં દમ થા

એક ગામડામાં એક લુહારની દુકાન હતી. લુહાર દુકાનની બહાર જ લોખંડના ઓજારો ટીપતો હતો. ત્યાં થોડા દિવસોમાં જ એક સોનીએ પોતાની દુકાન શરૂ કરી.

બંને દુકાનો બાજુબાજુમાં જ હતી. આમ, સામાન્ય રીતે સોનીની દુકાન શાંત વિસ્તારમાં જ હોય છે, પણ ઓછા ભાડાની લાલચે સોનીએ આ ગ્રામ્ય વિસ્તારમાં સોનાની દુકાન શરૂ કરી હતી. તે પોતાની દુકાનમાં જ જાતજાતના ને ભાતભાતના દાગીના ઘડતો. બીજી બાજુ લુહાર પણ અલગ અલગ ઓજારો, તવા, સાણસીઓ, હથોડી વગેરે લોખંડના સાધનો બનાવતો. પણ શાંત વિસ્તારમાંથીત આવેલા સોનાની દુકાનમાંના સોનાના ટુકડાને આ લુહારના હથોડાથી ટીપવાના અવાજથી ખૂબ તકલીફ થતી અને તેને થતું કે ક્યારેક મને લોખંડનો ટુકડો મળી જાય તો એને પૂછી જ લઉં કે આટલી બૂમો શા માટે પાડે છે પણ બંનેનું મળવું અશક્ય હતું.

સદનસીબે એક દિવસ લુહાર જોરથી લોખંડ ટીપતો હતો ત્યાં એક ટુકડો ઉડીને સોનીની દુકાનમાં જઈ પડ્યો, તરત સોનાના ટુકડાએ તક ઝડપી લીધી અને તેને પૂછી લીધું કે ભાઈ, માર તો અમને પણ રોજ પડે છે, અમારો માલિક અમને રોજ ટીપીને અમને ઘાટ આપે છે પણ અમે તો ક્યારેય આટલે મોટેથી બૂમો પાડતાં નથી જ્યારે તમારી બૂમો/ચીસોથી તો અમારી જ નહિ બધાની હાલત બગડી જાય છે. તમે અમને આવી ચીસો પાડતાં ક્યારેય સાંભળ્યા છે ? ત્યારે સોનાના ટુકડાને લોખંડના ટુકડાએ જે જવાબ આપ્યો તે ધ્યાનપૂર્વક સાંભળવા જેવો છે. લોખંડના ટુકડાએ કહ્યું, તમને જેનાથી માર પડે છે તે તમારો શું સગો થાય ? જ્યારે અમને જેનાથી માર પડે છે તે અમારો જ ભાઈ છે. અમને અમારા જ નાતભાઈ એટલે કે લોખંડના જ હથોડાથી માર પડે છે, તમને ક્યારેય સોનાના હથોડાથી માર પડ્યો છે ? જ્યારે પોતાના લોકો જ મારે છે ત્યારે શી વેદના થાય છે તે તો હું જ જાણું છું. સોનાના ટુકડાની આંખ તરત ઉઘડી ગઈ. તેની ફરિયાદ દૂર થઈ ગઈ. આ તો કાલ્પનિક વાર્તા છે. પણ,

શું આપણી જિંદગીમાં પણ આ લાગુ નથી પડતું ? આપણે પણ એક જ પિતા પરમાત્માના બાળકો છીએ. બધામાં એક જ અંશ પરમાત્માનો સમાયેલો છે, તો જ્યારે આપણે બીજાને તકલીફ આપતાં હોઈશું ત્યારે શું આ પરમાત્માને કે આપણને ભાઈચારા, એકતા, સમાનતાના પાઠ શિખવાડનાર આપણા સદગુરુને દુખ નહીં થતું હોય ? પારકા દુઃખ આપે તે તો સમજી શકાય પણ પોતાના જ્યારે ઘા આપે છે તે અસહ્ય લાગે છે. એટલે જ કહે છે ને, 'હમેં તો અપનોંને લૂંટા ગૈરોમેં કહાં દમ થા, કષ્ટીથી લે ડૂબી જહાં પાની કમ થા.'

ગાંધીનગર તાલુકાના રાંદેજા ગામની રાંદેજા શ્રેષ્ઠ કન્યા શાળામાં આજરોજ કન્યા કેળવણી મહોત્સવ અને શાળા -વેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. જિલ્લા શિક્ષણ અને માહિતી અધિકારી શ્રીમતી ચેતનાબેન પટેલે ધોરણ-૧માં કુમાર-૨૦ અને કન્યા - ૨૦ મળીને કુલ-૪૦ બાળકો તથા આંગણવાડી/ઇસીસીઈમાં કુલ-૮૫ બાળકોને કુમકુમ તિલક, ચોકલેટ, રમકડાં, દફતર અને અભ્યાસના પુસ્તકો આપીને -વેશવિદ્યિ સંપન્ન કરી હતી.

નભોઈ, નવા કોબા અને સુઘડ ગામે બાળકોને કંકુ તિલક કરી પ્રવેશ કરાવ્યો

ગાંધીનગર, તા. ૧૫

ગાંદ્યીનગર તાલુકામાં આજે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા -વેશોત્સવના દ્વિતીય દિવસે શ્રમ અને રોજગાર વિભાગના અગ્ર સચિવ શ્રી પી. પનીરવેલે નવા કોબા, નભોઈ અને સુઘડ ગામની -થમિક શાળાઓ અને આંગણવાડીઓમાં બાળકોને કંકુ તિલક કરી -વેશ કરાવ્યો હતો. તે ઉપરાંત બાળકો દ્વારા રજૂ કરવામાં આવેલા -દર્શનની મુલાકાત લીદ્યી હતી. શ્રી પી. પનીરવેલના હસ્તે સુઘડ ગામની શાળામાં ધોરણ-૮ના કલાસ રૂમનું લાકાર્પણ પણ કરવામાં આવ્યું હતું.

આ -સંગે અગ્ર સચિવ શ્રી પી. પનીરવેલે બાળકોને દેશના પૂર્વ મહામહિમ રાષ્ટ્રપતિ શ્રી અબ્દુલ કલામના જીવન ચરિત્રની અને જીવનમાં કેવી પરિસ્થિતિમાંથી આગળ આવ્યા હતા. તેની રસ-દ વાત સરળ ભાષામાં કરી હતી. બાળકોને તેમના જીવન માંથી -રણા લઈ જીવનમાં અભ્યાસની શું જરૂરિયાત છે. તેમણે આ કાર્યક્રમમાં ઉપસ્થિત ગામના સરપંચશ્રી, ગામના અગ્રણીઓ અને વાલીઓને દીકરીઓને ભણાવવા અને અદ્યવચ્ચેથી કોઈ દીકરી અભ્યાસ ન છોડી જાય તેનું ધ્યાન રાખવા નમ્ર અનુરોદ્ય કર્યો હતો.

આ -સંગે અગ્ર સચિવ શ્રી પી. પનીરવેલે ધોરણ-૧ માં નભોઈ ગામમાં ૧૨, કોબા ગામમાં ૬ અને સુઘડ ગામમાં ૩૭ બાળકોને કંકુ તિલક અને પુસ્તકો આપી -વેશ કરાવ્યો હતો. તેમજ ધોરણ-૮ માં કોબામાં ૩૨,સુઘડમાં ૩૪ બાળકોને -વેશવિદ્યિ સંપન્ન કરાવી હતી. આ ત્રણેય ગામની આંગણવાડીના બાળકોને પણ રમકડા, ચોકલેટ અને કંકુ તિલક કરી -વેશ કરાવ્યો હતો. તે ઉપરાંત નભોઈ ગામમાં શાળાની પૂર્વ વિદ્યાર્થીનીઓ કે જેમણે ધોરણ-૧૦માં ૮૦ ટકાથી વદ્યુ ગુણ મેળવ્યા હતાં.

આ -સંગે જિલ્લા શિક્ષણાદ્યિકારી શ્રી વિનયગીરી ગોસાઈ, શિક્ષણાદ્યિકારીશ્રીની કચેરીના ઈઆઈ શ્રી સી. એમ.જાદવ, ગાંદ્યીનગરના તાલુકા વિકાસ અદ્યિકારી શ્રી જયેશભાઈ તુવેર, સહિત અનેક ગ્રામજનો ઉપસ્થિત રહયાં હતાં.

દહેગામ તાલુકાની શાળાઓનાં બાળકોને શાળાપ્રવેશ કરાવતા એમ. એમ. શ્રીવાસ્તવ

ગાંધીનગર, તા. ૧૫

શાળા -વેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવના આજે બીજા દિવસે નાણાં વિભાગના અદ્યિક મુખ્ય સચિવ શ્રી એમ.એમ. શ્રીવાસ્તવે ગાંદ્યીનગર જિલ્લાના દહેગામ તાલુકાના અંતરિયાળ એવી બાબરા નવા, અંબિકાનગર, નવાનગર, આંગજીના મુવાડા, અને રણછોડપુરાની -થમિક શાળાઓની મુલાકાત લીદ્યી હતી. તેઓશ્રીના હસ્તે ધોરણ-૧ અને આંગણવાડીમાં -વેશ પામતાં બાળકોને કુમકુમ તિલક કરી, ચોકલેટ,દફતર અને રમકડાં કીટ અર્પણ કરવામાં આવ્યા હતાં.

રણછોડપુરા અને અંબિકાનગર ખાતે યોજાયેલ કાર્યક્રમમાં જિલ્લા કલેકટર શ્રી પી. સ્વરૂપે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને ત્સાહિત કર્યા હતા.

અદ્યિક મુખ્ય સચિવ શ્રી એમ.એમ.શ્રીવાસ્તવે બાબરા નવા અને પાટનાકુવાના પેટા પરા એવા રણછોડપુરા ખાતે યોજાયેલ કાર્યક્રમમાં સંબોદ્યતા જણાવ્યું હતું કે, નાનાં ગામોમાં પણ શિક્ષણ ક્ષેત્રનાં સારા કામ થતાં જોઈ આનંદ થાય છે. ગુજરાતમાં -થમિક શિક્ષણને રાજય સરકારે -થમ અગ્રિમતા આપી છે. ગુજરાતમાં અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાં પણ -થમિક શાળાઓ કાર્યરત કરી છે, ખૂટતા ઓરડાની ઘટ પૂરી કરી છે, શિક્ષકોની ભરતી કરી છે. દરેક શાળાઓને આદ્યુનિક સાદ્યન - સુવિદ્યાથી સજ્જ કરવામાં આવી છે. ત્યારે ગામની, સમાજની પણ મોટી જવાબદારી બને છે. આ જ્ઞાનના યુગમાં શિક્ષણ વિના ન ચાલે. શિક્ષકો, વાલીઓ, ગ્રામજનોએ બાળકોએ બાળકોના શિક્ષણમાં અને શાળાના વિકાસમાં રસ દાખવી ઉંચા પરિણામની સિદ્યિ માટે સહભાગી બનવું જોઈએ.

વર્ધાના મુવાડા પ્રાથમિક શાળાના બાળકો - શિક્ષકોએ ઔષધીય વૃક્ષો વિષયક સુંદર હેન્ડ બુક બનાવી છે

દહેગામ તાલુકાના વર્ધાના મુવાડા -થમિક શાળાના વિદ્યાર્થીઓએ શિક્ષકોના માર્ગદર્શનમાં ઔષદ્ય આપણા મિત્રો નામની નાનકડી સુંદર હેન્ડબુક તૈયાર કરી છે. શાળા -વેશોત્સવ દરમ્યાન શાળામાં પદ્યારેલા અગ્ર મુખ્ય વન સંરક્ષક શ્રી એસ. કે.ગોયેલ અને મહાનુભાવોને આ પુસ્તિકાથી આવકાર્યા હતાં.

શાળામાં ઔષદ્યીય વનસ્પતિ ઉદ્યાન બનાવવામાં આવ્યો છે. આયુર્વેદિક - વન ઔષદ્યીઓથી, તેનાથી થતાં લાભથી વિદ્યાર્થીઓ પરિચિત બને તેવી ખૂબ ઉપયોગી માહિતી આ પુસ્તિકામાં આપવામાં આવી છે. અરડૂસી, અશ્વગંદ્યા, તુલસી, બોરસલી, સપ્તપર્ણી, કુંવારપાઠું જેવી ૧૭ ઔષદ્યીય ગુણદ્યર્મો ધરાવતી વનસ્પતિના ઉપયોગ-લાભ આ પુસ્તિકામાં દર્શાવવામાં આવ્યા છે.

વનચેતનાના પ્રત્યેક વૃક્ષમાં એક એક રણજીતસિંહ વસે છે, વનચેતના એનું ખોળિયું છે અને વૃક્ષો એના પ્રાણ !

કેટલાય વિરોધાભાસો અનાયાસે જ પડખોપડખ ગોઠવાઈને આશ્ચર્ય સર્જી જતાં હોય છે. આવું આશ્ચર્ય જોવા મળે છે ગાંધીનગરના ઉત્તર પૂર્વ સીમાડે ! દેશની લશ્કરી તાકાતના પ્રતિક સમું એક લડાયક વિમાન જાણે પ્રતિઘાતની અદામાં ઉડાન ભરવા તૈયાર હોય તે રીતે જ-૭ના સર્કલ વચ્ચે ઊભું રહીને આગંતુકોને ડરાવી રહ્યું છે અને બરાબર તેની સામે પ્રકૃતિની ભેટસમું રૂડું વનરાવન હરિયાળી જાજમ બિછાવી, ભારોભાર નમ્રતાથી પોતાનું શીશ ઝૂકાવી મહેમાનોનું લીલુંછમ્મ સ્વાગત કરી રહ્યું છે ! છે ને અદ્‌ભૂત વિરોધાભાસ ? કોઈએ સાચું જ કહ્યું છે કે તાકાતથી પ્રદેશો જીતી શકાય છે પણ ફૂલો ઉગાડી શકાતા નથી ! બગીચા બનાવવા બટાલીયન કામે લગાડવી પડતી નથી. એ માટે જરૂર છે એક સારા વનમાળીની ! સદ્‌ભાગ્યે આ વનરાવનને પણ એક સારો વનમાળી મળ્યો છે. નામ છે એનું રણજિતસિંહ વાઘેલા !

બોરીજ ગામની અડોઅડ સાબરમતી નદીના પશ્ચિમ કાંઠાનો આ ખૂણો ત્યારે વનચેતના નામે ઓળખાતો નહોતો. કોતરો હતી, કંદરાઓ હતી અને હતું અડાબીડ જંગલ ! ૨૫ હેક્ટરમાં ફેલાયેલા આ વિસ્તાર પૈકી ૬ હેક્ટર વિસ્તારને સુવ્યવસ્થિત રીતે વિકસાવવાનો વિચાર વનવિભાગને આજથી બાવીસ વર્ષ પહેલાં આવ્યો. રણજિતસિંહ વાઘેલા ૭૯થી બોરીજ રેન્જમાં બીટગાર્ડ (વનરક્ષક) તરીકે ફરજ બજાવે. સરહદનો સૈનિક માતૃભૂમિની રક્ષા કરે તેવી વફાદારીથી આ બીટગાર્ડ પોતાના વિસ્તારના એક-એક વૃક્ષની રક્ષા કરતો ! અસ્સર રાજપૂતી ખમીર ! મૂળ પેથાપુર ગામના વતની. પિતા નૈનસિંહ ખેતી કરે. ધૂળથી રજોટાયેલા આ માણસે શિક્ષણની મહત્તા ભારોભાર સમજી હતી. એસએસસી પાસ કર્યું. કોલેજમાં પ્રવેશ લીધો. ગાંધીનગરમાં તે વખતે સર્કીટ હાઉસ નહોતું. પથિકાશ્રમ સરકારી રેસ્ટ હાઉસ તરીકે વપરાતું. રોજમદારો ત્યારે પણ રખાતા. રણજીતસિંહ પથિકાશ્રમમાં રોજમદાર તરીકે જોડાયા. રોજના રોકડા સાત રૂપિયાના પગારે !

આગવો માણસ - આપણો માણસ

- કિશોર જીકાદરા

નોકરી નાની હતી પણ જોવા-જાણવાનું અને શીખવાનું ઝાઝું હતું. સરકારી આરામગૃહમાં આવતા ઉચ્ચ અધિકારીઓ, વીઆઈપી અને વીવીઆઈપીની સાથે રોજનો પનારો ! શિસ્તના પાઠનો એકડો રણજીતસિંહે આ રોજમદારની નોકરીમાં ઘૂંટ્યો. વધુને વધુ શીખવાની ધગશ કામ આવી. દોઢેક વર્ષમાં તો પેથાપુરનો આ યુવાન ગાંધીનગરના સરકારી મહેમાનોનું પ્રિયપાત્ર બની ચૂક્યો હતો. રણજીતસિંહની ખ્યાતિ તેને પથિકાશ્રમથી સર્કીટ હાઉસ લઈ ગઈ. જૂનો અનુભવ કામે લાગ્યો. આસાન કરી દેતી હોય છે. રણજીતસિંહ પણ આસાનીથી સૌના પ્રીતિપાત્ર બનતા ગયા. બહુ ટૂંકા ગાળામાં આ માણસનું નામ મહાનુભાવોના હોઠે રમતું થઈ ગયું. પૂર્ણ સંતોષ વચ્ચે પણ રણજીતસિંહે ફોરેસ્ટના રેન્જરની ખાખી વર્દીનું સતત ખેંચાણ રહ્યું. શરૂઆતમાં વનવિભાગમાં રોજમદાર તરીકે રહ્યા. રોજના સાડાનવ રૂપિયા લેખે ! તૈયારી અને તકનો મેળાપ એટલે જ નસીબ ! રણજીતસિંહ નસીબદાર હતા. રોજગાર વિનિમય કચેરીમાં બીટગાર્ડની જગ્યા માટે રાજદ્વારી મહાનુભાવો અને ઉચ્ચ અધિકારી સાથેની વર્તણૂંકની કસોટીમાં તો પહેલેથી ફુલ્લી પાસ હતા જ ! ક્યારેક મોરારજીભાઈ દેસાઈ તો ક્યારેક બાબુભાઈ જશભાઈ પટેલની સરભરા કરવાની જવાબદારી પણ રણજીતસિંહે બખૂબી નિભાવી હતી. ચુસ્ત ગાંધીવાદી મહાનુભાવોને સાચવી લેવાનું કામ મુશ્કેલ જરૂર હતું. પણ ફરજ પ્રત્યેની નિષ્ઠા મુશ્કેલીઓને વનવિભાગે લાયક ઉમેદવારોના નામો મંગાવ્યા. ફિઝીકલ ફિટનેસ કુદરતી બક્ષિશ હતી. શેષ યોગ્યતા રણજીતસિંહે પોતાની હોંશિયારી અને રસરૂચિથી પ્રાપ્ત કરી હતી. જે ચાહ્યું તે મળી ગયું. રણજીતસિંહ બની ગયા બોરીજ રેન્જના બીટગાર્ડ ! રોજમદારી છૂટી. થયા કાયમી કર્મચારી રૂપિયા ૨૧૦ના પગારધોરણમાં !

રણજીતસિંહની યાદશક્તિ જોરદાર. એકવાર સાંભળે, જૂએ કે સમજે પછી ભૂલવાની વાત નહીં ! લગભગ ૮૦થી ૧૦૦ જેટલી વનસ્પતિના ફક્ત એક જ વાર સાંભળેલા લેટિન કે ઈંગ્લિશ નામો તેમને કંઠસ્થ છે. વળી કામના અને ઈમાનના ચોખ્ખા ! અહીં પણ વનખાતાના ઉચ્ચ અધિકારીઓને વનચેતનામાં પ્લાન્ટેશન કે નર્સરી બતાવવા ઉપરાંત મહેમાનોને રેલવે સ્ટેશન કે એરપોર્ટથી રિસીવ કરવા, સકૂશળ પરત મૂકી આવવા, અમદાવાદ-ગાંધીનગરના દર્શનીય સ્થળો - ગાંધીઆશ્રમ, અક્ષરધામ, અડાલજની વાવ વગેરે બતાવવા લઈ જવા, પ્રવાસની ટીકીટો લાવવી, જેવા મહત્ત્વના કામો રણજીતસિંહને અંગત રીતે પ્રેમપૂર્વક સોંપવામાં આવતા. રણજીતસિંહ આવા કાર્યો સલુકાઈથી પતાવતા. રણજીતસિંહ આવા કામોના તો નિષ્ણાત હતા. પથિકાશ્રમ અને સર્કીટ હાઉસનો અનુભવ હતો ને ? ફાયદો એ થયો કે અગ્ર મુખ્ય વનસંરક્ષકશ્રી પણ રણજીતસિંહને સીધા બોલાવતા થઈ ગયા. નાની મોટી સેવાનાં ફળો પાકવા લાગ્યાં. કેટલાક સચિવશ્રીઓ અને મંત્રીશ્રીઓ પણ રણજીતસિંહને એક યા બીજા કામે નામજોગ બોલાવતાં થયા. સારા કામની સુવાસ તો દૂર સુધી પ્રસરે જ ને ? રણજીતસિંહનું ગૌરવ બેવડાયું.. ડાળ-પાન તોડતાં જે માંથી ક્ષાર નીકળે છે તેવી વનસ્પતિની જાતોમાંથી રબર મેળવી શકાય કે કેમ તેવા સંશોધનાત્મક પ્રોજેક્ટના સાક્ષી થવા ઉપરાંત એક સમયે ગાંધીનગરને ગ્રીનસીટીનું બિરૂદ અપાવનાર નાયબ વનસંરક્ષક શ્રી આર જી જોશી (ગોલ્ડ મેડાલીસ્ટ)ના માર્ગદર્શન તળે મહત્ત્વના વર્ષો કામ કરવા મળ્યું તેનો રણજીતસિંહને ગર્વ છે. વનચેતના બનાવવા પાછળનો મુખ્ય હેતુ સામાન્ય જનને જંગલનું મહત્ત્વ સમજાવવાનો હતો. કુદરતી જંગલ વચ્ચે વિવિધ વનસ્પતિઓના રોપાઓ તૈયાર કરવા, નર્સરી બનાવવી, સુશોભનના પ્લાન્ટ તૈયાર કરવા, આયુર્વેદ, હોમિયોપેથી અને બોટનીના વિદ્યાર્થીઓને ઔષધિય વનસ્પતિના નિદર્શનો કરાવવા, પ્રદર્શનો તૈયાર કરવા, મ્યુઝીયમ બનાવવું, શાળા, કોલેજના વિદ્યાર્થીઓને ખગોળીય શિક્ષણ અંતર્ગત આકાશ દર્શન, તારા અને ગ્રહોનો પરિચય કરાવવો, ટેન્ટમાં રાત્રિ રોકામ, વનદર્શન, ફાયરકેમ્પ, વિવિધ પસુ પંખીના અવાજનો પરિચય, પર્યાવરણ જાગૃતિ અને વિવિધ શૈક્ષણિક શિબિરો યોજવાનો હતો. વનચેતનાના નિર્માણનો આ હેતુ આજે સાર્થક થયો છે તેમ જણાવતાં રણજીતસિંહ સંતોષનો શ્વાસ લે છે. તેઓની દૃષ્ટિ સતત બીજ મેળવી શકાય તેવા મધરપ્લાન્ટની શોધમાં ફરતી રહે છે. આ વૃક્ષના બીજ મેળવી તેઓ વનચેતનામાં તેના રોપાઓ તૈયાર કરે છે. આ ઉપરાંત તેઓ કેટલીક જાતોના મધરપ્લાન્ટ પણ તૈયાર કરે છે. વનચેતનામાં ઉછરેલ કોઈપણ વનસ્પતિ તેઓએ બહારથી પૈસા આપીને ખરીદેલ નથી.

● અનુસંધાન પાન-૬ પર